॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૯ જાન્યુઆરી ૧૯૮૯ અંક ૩

# વાલીઓને,

શાળા અને ઘર વચ્ચે બાળક સાહજિક માધ્યમ છે. બાળક ઘરને શાળામાં અને શાળાને ઘરમાં લઇ જાય છે. બાળકના વિકાસમાં અત્યંત મહત્વ ધરાવતા આ બંને વચ્ચે બાળકની મહત્વની સંસ્કારભૂમિકા રચાય છે

આજના ઝડપી સમયમાં ઘરને કે શાળાને બાળકનું નિરીક્ષણ કરવાનું હવે બહુ ઓછું બને છે, તે એક કમનસીબી જ કહેવાય, અમુક ઘર અને અમુક શાળાઓ આમાં અપવાદરૂપ ખરી. આમ છતાં ઝડપી જીવનને લીધે આવા અપવાદરૂપ એકમોમાં પણ પૂરો સંતોષ થાય એવું તો નથી જ.

શાળાને માટે બાળકના નિરીક્ષણ માટેની તક ઈતરપ્રવૃત્તિઓ પૂરી પાડે છે. બીજાઓ સાથે તે કેટલા સહકારથી કામ કરી શકે છે, અન્યને મદદ કરવાની તેની વૃત્તિ કેવી છે, તેની સહનશીલતા કેટલી છે, તે કેટલું લાગણીપ્રધાન છે, આવાં અનેક પાસા જોવાની તક આવી પ્રવૃત્તિઓ પૂરી પાડે છે.

વેકેશનમાં શાળાએ કરેલા બે ત્રણ કેમ્પ અને પ્રવાસોમાં બાળકોનું અમે કરેલ નિરીક્ષણ અંગે થોડું આપને જણાવવું અસ્થાને નથી, માત્ર મુદ્દાના સ્વરૂપે તે ટપકાવું છું. ભવિષ્યમાં તે મુદ્દાઓમાંથી અગત્યના મુદ્દા ઉપર વિગતે લખીશું.

[૧] કેટલાક બાળકોને પોતાની વસ્તુઓની જરાપણ સાચવણી નથી હોતી, વોટર બેગ, પર્સ, ટુવાલ, નેપકીન જેવી ચીજો ગમે ત્યાં ભૂલી જાય છે.

[૨] બજારૂ વસ્તુઓ, ફળો વગેરે ધોયા સિવાય ખાવાની ટેવ કેટલાય કિસ્સામાં જોવા મળી,

[૩] સામૂહિક રીતે મૂકેલા પીવાના પાણીની સ્વચ્છતાનો ખ્યાલ બહુ ઓછા બાળકોને છે.

[૪] પોતાનાં જૂથમાં વાતો કરતાં એટલા મોટેથી અવાજ અને ઘોંઘાટ કરતા હોય છે કે બીજાઓને તેનાથી કેવી ખલેલ પડે તે ખ્યાલ જ તેમને હોતા નથી.

[૫] સુંદર ગેય ગીતો તરફની અભિરૂચિ નથી, તેની જગ્યાએ ફિલ્મી ગીતો જ ગવાતા હોય છે.

[૬] જેમને તાજેતરમાં સમૃદ્ધિ મળી હોય છે (નીઓ રિચ) તેમની તો માત્ર દયા જ આવે તેવું છે.

[૭] બહારની કુલ્ફી, ઠંડા પીણા તેમજ રંગીન ખાદ્ય પદાર્થો કેવું નુકસાન કરે તેનો ખ્યાલ નથી લાગતો.

[૮] ચ્યુઈંગ ગમ અને ચોકલેટ જેવી ચીજોનો અતિરેક જોવા મળ્યો.

[૯] કેટલાંક બાળકો અત્યંત થાંથાં અને દરેક જગ્યાએ સતત મોડાં પડતાં જણાયાં.

[૧૦] જોવા લાયક સ્થળોની ભૌગોલિક અને ઐતિહાસિક માહિતીમાં ભાગ્યેજ રસ હોય તેવું જણાયું છે, આ સ્થળોએ ઝડપથી આંટો મારી બહાર નીકળી જતાં હોય તેવું લાગ્યું છે.

દરેક બાળકને માટે ઉપરોક્ત બાબત લાગુ નથી પડતી, પરંતુ સામાન્ય છાપ આવી પડે એટલું મોટું પ્રમાણ જોવા મળ્યું તે નક્કી.

દિનુભાઇના વંદન

## આભાર દર્શન

શારદા મંદિરના આદ્યસ્થાપક અને આજીવન ઉપપ્રમુખ મુ. ભોગીભાઈ ત્રિભૂવનદાસ ઠાકરના વારસદારોએ સંસ્થાને જુનું શારદામંદિર છે ત્યાં ૪૦૦૦ ચો. વાર જમીન તથા તેને આનુષંગિક મિલ્કત દાનમાં આપેલ છે, સંસ્થા આ શુભેચ્છા બદલ આભારની લાગણી વ્યક્ત કરે છે.

'On Line Computer Service' તરફથી સંસ્થાને બે કોમ્પ્યુટર, (મોનીટર, રેકોર્ડર સહિત) ભેટ મળ્યા છે તે બદલ સંસ્થા 'On Line Computer Service' તરફ આભારની લાગણી વ્યકત કરતાં આનંદ અનુભવે છે.

# શ્રદ્ધાંજલિ

"મને મળી નિષ્ફળતા અનેક
તેથી થયો સફળ કૈંક હું જીંદગીમાં"

જીવનમાં માનવને ક્યારેક નિષ્ફળતા મળે છે, ત્યારે તે સામાન્ય રીતે જીવનથી હારી જાય છે. પરંતુ કવિશ્રી ઉમાશંકરની આ બે જ પંક્તિમાં નિષ્ફળતા તરફનાં દૃષ્ટિબિંદુમાં એકદમ ફરક દેખાય છે; જીવનની ફિલસૂફી તેમાં સચોટ રીતે વ્યક્ત થાય છે. એવી જ બીજી બે પંક્તિ એ સાથે યાદ આવે છે.

"જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ
બની રહો તે જ સમાધિયોગ"

'સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જીજીવિષા' એ સનાતન સત્યને આ પંક્તિઓ અસરકારક રીતે વ્યક્ત કરે છે.

ગુજરાતનાં મૂર્ધન્ય સાક્ષર, કવિ તથા સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષીના અવસાનથી ફક્ત ગુજરાતને જ નહી પણ સમગ્ર ભારતને એક મહાન સારસ્વતની ક્યારે ય ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. ફક્ત ગુજરાતી સાહિત્યનાં જ નહીં પણ સમગ્ર ભારતીય સાહિત્યનાં તે અનન્ય, પ્રતિભાશાળી અને પ્રતિષ્ઠાવાન સાહિત્યકાર હતાં. કવિ એટલે વિશ્વમાનવ એ તેમણે સાર્થક કરી બતાવ્યું છે.

કવિતા, નાટક, નિબંધ, ટૂંકી વાર્તા વિવેચન કેટકેટલા સાહિત્ય ક્ષેત્રોમાં તેમણે આગવું પ્રદાન કર્યું છે! એ બધા જ ક્ષેત્રોમાં તેમણે અદ્વિતિય સિદ્ધિ હાંસલ કરી છે; અને એટલે જ તેઓ ભારતીય સાહિત્યમાં, શબ્દનાં સવ્યસાચી તરીકે ઓળખાતા હતાં, સાહિત્યની શક્તિ દ્વારા તેમણે માનવતામાં રહેલી દિવ્યતાનું દર્શન કરાવ્યું છે.

એમના નિધનથી સમગ્ર ભારતને મોટી ખોટ પડી છે. જુની અને નવી સાહિત્ય પેઢી વચ્ચેના સેતુ જેવા કવિશ્રી ને આપણે ક્યારે ય ભૂલી શકીએ તેમ નથી. એમનો નશ્વર દેહ ભલે આજે આપણી વચ્ચે નથી પણ એમના અક્ષરદેહે તે સદાય આપણી સાથે છે, સાથે રહેશે જ અને એમની પરોક્ષ પ્રેરણાથી જ આપણે,સાહિત્યક્ષેત્રે આગળ ડગ માંડતાં રહીએ એ જ એમનાં પ્રત્યેની આપણી **સાચી** શ્રદ્ધાંજલિ

# ભણતર કે ઘડતર?

શાળાનું વાતાવરણ સામાન્યતઃ પ્રવૃત્તિઓથી સતત ધમધમતું હોય છે. શાળાનાં વિદ્યાર્થીઓની સંખ્યા મકાનોની સુવિધા વિગેરે બદલાતા ગયા તેમ તેમ આ પ્રવૃત્તિઓમાં ફેરફાર અવશ્ય આવતો ગયો છે. પરંતુ બાળક પોતાની શક્તિ અને રસ મુજબ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકે તવો અમારો સતત પ્રયત્ન હોય છે, આ પ્રવૃત્તિઓ પણ અંતે તો શિક્ષણનો જ એક ભાગ છે. એમ અમે ચોક્કસપણે માનીએ છીએ.

શાળા એટલે સરસ્વતીનું મંદિર, ત્યાં વિદ્યાર્થી ભણવા જાય, જ્ઞાન મેળવવા જાય એ સર્વસામાન્ય અભિગમ હોય જ. પરંતુ વિદ્યાર્થીનાં ભણતર સાથે તેનાં વ્યક્તિત્વનું ઘડતર પણ થવું જોઇએ એવો અમારો હંમેશા અભિગમ રહ્યો છે, અને એટલે જ શાળામાં વર્ગશિક્ષણની પ્રક્રિયાની સાથે સાથે વ્યક્તિત્વના વિકાસને અનુલક્ષીને અનેક પ્રવૃત્તિઓનું આયોજન હંમેશા થતું જ રહે છે. ઘણાં બધાં વિદ્યાર્થીઓ તેમાં સારી રીતે ભાગ પણ લે છે ને શાળાનું આખુંય વાતાવરણ વારંવાર આવી ઇતરપ્રવૃત્તિથી ધમધમી પણ ઊઠે છે, પણ વિદ્યાર્થીઓમાં કેટલોક વર્ગ એવો પણ છે કે જેમને આવી ઇતરપ્રવૃત્તિમાં સામેલ થવાનું મન થાય ત્યારે કહેવામાં આવે છે, "પછી ભણવાનું શું અદ્ધર મૂકી દેવાનુ છે? પહેલાં ભણવામાં ધ્યાન આપો ને!.........પછી માર્કસ આવશે ત્યારે ખબર પડશે...."

પરીક્ષામાં મેળવાતાં માર્કસ અને પરિણામ એ આજના વાલીને મન વિદ્યાર્થીની પ્રગતિને માપવાની પારાશીશી બની ગયા છે. મારુ બાળક સારા માર્કસ સાથે પાસ થાય છે એ વાલીને મન એક પ્રતિષ્ઠાનો વિષય બની ગયો છે. વિદ્યાર્થી અભ્યાસ પ્રત્યે બેદરકાર થાય એ તો ન જ ચલાવી લઇએ પણ તેનાં વ્યક્તિત્વનાં વિકાસનાં ઘડતરનાં ભોગે ભણતર અને માર્કસ એ શું એટલા બધાં અગત્યનાં છે ખરાં?....

—ઊર્મિલા **શાહ**

## સંસ્થાનું ગૌરવ

હંગેરી મીનીસ્ટ્રી ઓફ પબ્લીક એજ્યુકેશન તથા ગેલેરી ઓફ ચીલ્ડ્રન કોમ્પીટીશનમાં **ચિ. અભિજીત અજય મુન્શી (ધો. ૧ બ)** ને રેઇનબો એવોર્ડ, ડિપ્લોમા તથા મેડલ મળ્યો છે તથા **ચિ. પ્રિયાંગી અજય મુન્શીને (ધો. ૨)** રેઇનબો એવોર્ડ તથા ડિપ્લોમા મળ્યા છે. તે માટે તેમને અભિનંદન.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૭-૧૨-૮૮ને બુધવારના રોજ બાલમંદિરના બાળકોનો કાંકરિયાનો પ્રવાસ યોજવામાં આવ્યો. બાળકોએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લઈ રસપૂર્વક પશુપંખીઓનું નિરીક્ષણ કર્યું. સૌ બાળકોનાં મ્હોં પર પ્રવાસનો આનંદ તરી આવતો હતો.

તા. ૧૬-૧૨-૮૮ને શુક્રવારનાં રોજ મોટા બાલમંદિરનાં બાળકોએ ગાંધીનગરનો પ્રવાસ કર્યો. બરાબર સાડાબાર વાગે બાળકો ગાંધીનગર પહોંચ્યા, ત્યાં તેઓએ ટ્રેનમાં બેસી સહેલ માણી, ક્રિડાંગણનો આનંદ મુક્ત મને માણ્યો અને તલ-સાંકળી તથા ચેવડાનો નાસ્તો કર્યો.

તા. ૨૭-૧૨-૮૮ને મંગળવારનાં રોજ તાલીમ-મંડળીના બાળકો માટે વિશાલા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વાતાવરણની મોજ અને પરિચયની તક બાળકોને મળી.

## શિશુમંદિર

શારદામંદિર શિશુમંદિરમાં નીચે મુજબ કાર્યક્રમો યોજવામાં આવ્યા.

તા. ૨-૧૦-૮૮થી એક સપ્તાહ માટે ગાંધી સપ્તાહની ઉજવણી યોજવામાં આવી. જે નિમિત્તે ભજનો તેમજ મહાત્મા ગાંધીજીનાં જીવન પ્રસંગોની રજૂઆત વિદ્યાર્થીઓએ ભાવવાહી રીતે રજૂ કરી.

તા. ૨૧-૧૧-૮૮થી સ્વ. ઇંદિરા ગાંધીનાં જન્મદિન નિમિત્તે એકતા સપ્તાહ પણ ઉજવાયું, જેમાં તેમનાં જીવનને લગતાં વક્તવ્યો રજૂ થયાં.

**વક્તવ્ય** :- તા. ૮-૧૦-૮૮ મુનશી પ્રેમચંદજી
૧૭-૧૦-૮૮ સ્વામીશ્રી રામતીર્થ
૧-૧૨-૮૮ શ્રી કાકાસાહેબ કાલેલકર
૩-૧૨-૮૮ ડૉ. રાજેન્દ્રપ્રસાદ
૨૧-૧૨-૮૮ શ્રી ઉમાશંકર જોશી

વિષે વક્તવ્યો યોજાયાં, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.

તા. ૨૦-૧૨-૮૮નાં રોજ વિદ્યાર્થીઓએ બે મિનિટ મૌન પાળી કવિ શ્રી ઉમાશંકર જોશીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી.

**પ્રવાસ** :- તા. ૩-૧૨-૮૮ અને ૪-૧૨-૮૮નાં રોજ ધોરણ ૫ની બહેનોનો મહુડી વિજાપુર અને તારંગાનો પ્રવાસ યોજાયો.

**વિશાલા પ્રવાસ** :- તા. ૧-૧૨-૮૮ ધો. ૧
૮-૧૨-૮૮ ધો. ૨
૧૫-૧૨-૮૮ ધો. ૩
૨૦-૧૨-૮૮ ધો. ૪
૨૬-૧૨-૮૮ ધો. ૫નાં

વિદ્યાર્થી ભાઈબહેનો માટે વિશાલાનો પ્રવાસ યોજાયો.

**પ્રદર્શન** :- તા. ૧-૧૨-૮૮નાં રોજ પ્રદૂષણને લગતાં ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. જેમાંથી વિદ્યાર્થીઓને પર્યાવરણ અને પ્રદૂષણ વિષે ઘણી સારી માહિતી પ્રાપ્ત થઈ.

તા. ૧૬-૧૭-૧૮ ડિસેમ્બરનાં રોજ લોકમિલાપ ટ્રસ્ટના ઉપક્રમે પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવ્યું.

**ઉત્સવો** :- તા. ૧૩-૧૦-૮૮નાં રોજ નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે ધો. ૫થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ રાસ ગરબા, હીંચ વિ. પ્રકારનાં ગરબાઓ રજૂ કર્યા.

તા. ૧૫-૧૦-૮૮નાં રોજ ધો. ૧ થી ૪નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ જાતે વાવેલા જવારા લઈ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ રાસ ગરબાની રમઝટ જમાવી.

**સ્પર્ધાઓ** :- ગાંધી જયંતિ નિમિત્તે ધો. ૧ થી ૪નાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ જેમાં નીચે પ્રમાણે બાળકો વિજેતા નિવડયાં છે.

ધો. ૧ :- **પ્રથમ** – હરિતા શાહ (अ) **દ્વિતીય** – પાયલ જે. શાહ (अ) **તૃતિય** માલવ કે શાહ (अ)

ધો. ૨ :- **પ્રથમ** રાજવી શાહ (अ) **દ્વિતીય** – અદિતી શાહ (ब) વૈશલ શાહ (अ) **તૃતીય** – પંક્તિ કાજી (क)

ધો. ૩ :- **પ્રથમ** – બીજલ શાહ (क)
**દ્વિતીય** – શાલ્વી મહેતા (क)
**તૃતીય** – રૂચિ સોપારકર (ब) કૃષ્ણા ઉપાધ્યાય (क)

ધો. ૪ :- **પ્રથમ** – કલગી શાહ (अ)
**દ્વિતીય** – દર્શિલ શાહ (क) મિહિર પારેખ (क)
**તૃતીય** – હાર્દિક શાહ (क) નંદિત રાજા (क)

**આંતરગૃહ સ્પર્ધા** :-

**ચિત્ર સ્પર્ધા** :- ૧-૧૦-૮૮

| | | |
|---|---|---|
| **પ્રથમ** : શાશ્વત બ્રહ્મભટ્ટ | [૭ अ] | મેઘનાદ |
| **દ્વિતિય** : અનુજા શાહ | [૭ ब] | રત્નદીપ |
| **તૃતીય** : સપ્તક પટેલ | [૭ ब] | ધવલગિરિ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** ૧૧-૧૦-૮૮

| | | |
|---|---|---|
| **પ્રથમ** : ઝલક શાહ | [૬ ब] | ધવલગિરિ |
| **દ્વિતીય** : ભૈરવી સુતરીયા | [૭ क] | રત્નદીપ |
| **તૃતીય** : અનુજા શાહ | [૭ ब] | રત્નદીપ |
| મોનીલ શાહ | [૭ क] | મેઘનાદ |

**આરતી સ્પર્ધા** :- ૧૭-૧૦-૮૮

| | | |
|---|---|---|
| **પ્રથમ** : ભવ્યા ઠાકોર | [૭ क] | ગંગોત્રી |

**દ્વિતીય :** સુજલ મુનશી [૬ ક] ધવલગિરિ
મિતિ શાહ [૭ क] રત્નદીપ

**તૃતીય :** ખુશ્બુ શાહ [૭ क] રત્નદીપ
સેજલ દલાલ [૭ अ] ધવલગિરિ

**રંગોળી સ્પર્ધા :- ૨૪-૧૧-૮૮**

**પ્રથમ :** સપ્તક પટેલ [૭ ब] ધવલગિરિ
**દ્વિતીય :** ભૈરવી સુતરીયા [૭ क] રત્નદીપ
**તૃતીય :** મિતિ શાહ [૭ क] રત્નદીપ
રૂચિર દવે [૭ अ] ધવલગિરિ
હિરલ ગોદાણી [૭ अ] મેઘનાદ

**નિબંધ સ્પર્ધા :- ૫-૧૨-૮૮**

**પ્રથમ :** મિલિન્દ શાહ [૬ क] ગંગોત્રી
**દ્વિતીય :** ભાવિક વ્યાસ [૭ क] રત્નદીપ
કૃતિ વ્યાસ [૭ क] રત્નદીપ
**તૃતીય :** સારિકા ગાંધી [૭ अ] ગંગોત્રી

**વકતૃત્વ સ્પર્ધા :- ૧૨-૧૨-૮૮**

**પ્રથમ :** ભાવિક વ્યાસ [૭ क] રત્નદીપ
ખુશ્બુ શાહ [૭ क] મેઘનાદ
**દ્વિતીય :** સારિકા ગાંધી [૭ अ] ગંગોત્રી
કૃતિ વ્યાસ [૭ क] રત્નદીપ
રૂચિર દવે [૭ अ] ધવલગિરિ
**તૃતીય :** દેવાંશી શાહ [૭ ब] ગંગોત્રી
આશિષ પટેલ [૭ अ] રત્નદીપ
ધવલ મહેતા [૭ अ] ગંગોત્રી
ચિન્મય પટેલ [૭ ब] મેઘનાદ

**સુગમ સંગીત સ્પર્ધા :- ૧૯-૧૨-૮૮**

**પ્રથમ :** જપન પાઠક [૭ ब] ધવલગિરિ
**દ્વિતીય :** જલ્પા સોની [૬ ब] રત્નદીપ
**તૃતીય :** નિશ્ચલા શુકલ [૭ क] રત્નદીપ
મોનીલ શાહ [૭ क] મેઘનાદ

આ સ્પર્ધાઓનાં નીચે મુજબ નિર્ણાયકોએ આપેલ સેવા બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**રંગોળી સ્પર્ધા :-** ડૉ. સોનલબેન દલાલ

**વકતૃત્વ સ્પર્ધા :-** ડૉ. ઉષાબેન ભટ્ટ

**સુગમ સંગીત સ્પર્ધા :- શ્રી નીનાબેન ઠાકોર**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :-** ચિત્રકાર **શ્રી ચંદ્રભાઈ** ત્રિવેદી

વિજેતા નીવડતા સૌ વિદ્યાર્થી ભાઇ બહેનોને અભિનંદન.

# વિનયમંદિર

૨૯-૧૧-૮૮ ને મંગળવારનાં રોજ ગુજરાતી ફિલ્મ અને રંગભૂમિનાં કલાકારશ્રી નલીન દવેને વક્તા તરીકે બોલાવવામાં આવ્યા હતાં. સંસ્કૃત શ્લોકોનાં ગાન સાથે તેમણે તેમનું વક્તવ્ય રજૂ કર્યું. ટી.વી. નાં 'રામાયણ' માં પોતે ભજવેલા કુંભકર્ણ પાત્રનો ઉલ્લેખ કરી તેમણે ટી.વી. નાં દશ્યો વિષે માહિતી આપી.

તા. ૭-૧૨-૮૮નાં રોજ શ્રી શશિકાંત જી. યાજ્ઞિકે વિદ્યાર્થીઓને જીવનમાં પરમાર્થ કેટલો અગત્યનો છે, તે વાર્તા સ્વરૂપે અસરકારક રીતે સમજાવ્યું.

તા. ૧૦-૧૨-૮૮ ને શનિવારનાં રોજ 'માનવ હક્ક દિન' ઉજવવામાં આવ્યો. આચાર્યા શ્રી દિવ્યપ્રભાબેન મહેતાએ માનવહક્કો વિષે ખ્યાલ આપતું વક્તવ્ય રજૂ કર્યું.

તા. ૧૪-૧૨-૮૮ નાં રોજ પ્રો. મહેશભાઈ ઠાકરે 'Value of Moral Education' વિષય ઉપર દષ્ટાંતો દ્વારા સુંદર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને યોગ્ય જ્ઞાન અને સમજ આપ્યા.

તા. ૨૧-૧૨-૮૮ ને બુધવારનાં રોજ ગુજરાતી સાહિત્યનાં મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીનાં દુઃખદ અવસાન નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પવા કાર્યક્રમ યોજવામાં આવ્યો.

તા. ૨૨-૧૨-૮૮ થી તા. ૨૭-૧૨-૮૮ સુધી ઇન્ટરેકટ કલબ ઓફ શારદામંદિર અને ઇન્ટરેકટ કલબ ઓફ સરલા સર્જનનાં સંયુક્ત ઉપક્રમે Cultural Interexchange નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં મુંબઇથી અઢાર વિદ્યાર્થી ભાઈબહેનો અમદાવાદમાં આપણાં મહેમાન બની આપણી સાથેના કાર્યક્રમોમાં ભાગ લીધો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનું ઘડતર ઘણું સારી રીતે થયું. તા. ૨૩-૧૨-૮૮ નાં રોજ આ જ કાર્યક્રમ નીચે બધા જ ઇન્ટરેકટ ભાઈ બહેનોનો વિશાલામાં મિલન સમારંભ યોજાયો.

## શ્રદ્ધાંજલિ

શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી, વાલી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્ય **શ્રી રાજીવભાઇ રમણલાલના** તા. ૧૧-૧૨-૮૮નાં રોજ થયેલ અકાળ અવસાનથી સંસ્થાને ભારે આઘાત લાગ્યો છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને ચિર શાંતિ આપે તે જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક હિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭.